SANDESH 11
AHMEDABAD ગુજરાત
SUNDAY 26-02-2017

**નામદાર નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ સમક્ષ**
**અમદાવાદની બેન્ચમાં**
**કંપની એપ્લીકેશન (સીએએ) નં ૯/૨૩૦-૨૩૨/એનસીએલટી એએચએમ/૨૦૧૭**

કંપની ધારા ૨૦૧૩ની બાબતમાં;
અને
કંપની ધારા ૨૦૧૩ની કલમ.
૨૩૦-૨૩૨ની સાથે અન્ય જોગવાઈઓ ની બાબતમાં;
અને
ઝાયડસ હેલ્થકેર લિમિટેડ ની બાબતમાં;
અને
કેડીલા હેલ્થકેર લિમિટેડ અને ઝાયડસ હેલ્થકેર લિમિટેડ અને તેમના લાગતા વળગતા શેરધારકો અને લેણદારોની વચ્ચે યોજનાની વ્યવસ્થા બાબતે;

ઝાયડસ હેલ્થકેર લિમિટેડ
કંપનીઝ એક્ટ ૧૯૫૬ હેઠળની હાલની ચાલુ કંપની, જે તેની
રજી. ઓફિસ ઝાયડસ ટાવર, સેટેલાઈટ ક્રોસ રોડઝ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫
ગુજરાત, ભારત ખાતે ધરાવે છે ............ અરજદાર કંપની

**અરજદાર કંપનીના ઈક્વિટી શેરધારકો, પ્રેફરેન્સ શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોના મિટીંગની નોટીસ**

આથી સૂચના આપવામાં આવે છે કે બુધવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના દિવસે કરવામાં આવેલ અંતિમ આદેશ દ્વારા, માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, બેન્ચ, અમદાવાદ (NCLT) એ અરજદાર કંપનીના ઈક્વિટી શેરધારકો, પ્રેફરેન્સ શેરધારકો (૮% નોન-ક્યુમ્યુલેટિવ રીડીમેબલ પ્રેફરેન્સ શેરધારકો અને ૮% ઓપ્શનલી કન્વર્ટીબલ નોન-ક્યુમ્યુલેટિવ રીડીમેબલ પ્રેફરેન્સ શેરધારકો), સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોની અલગ અલગ મિટીંગ, કેડીલા હેલ્થકેર લિમિટેડ અને ઝાયડસ હેલ્થકેર લિમિટેડ તથા તેમના લાગતાવળગતા શેરધારકો અને લેણદારો વચ્ચે વ્યવસ્થા-યોજના ("યોજના") ને, સુધારા સાથે અથવા સુધારા વગર, મંજુરી આપવા માટે બોલાવવી.

NCLT ના અંતિમ આદેશાનુસાર આથી વધુમાં નોટિસ આપવામાં આવે છે કે ઈક્વિટી શેરધારકો, પ્રેફરેન્સ શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોની મિટીંગ નીચેના જણાવ્યા મુજબ સમય અને સ્થળે યોજાશે અને ઈક્વિટી શેરધારકો, પ્રેફરેન્સ શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારો ને હાજરી આપવા વિનંતી છે.

| અનુક્રમ નંબર | મિટીંગના પ્રકાર | મિટીંગની તારીખ | સમય | મિટીંગનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ઈક્વિટી શેરધારકો | ગુરુવાર, ૩૦ માર્ચ ૨૦૧૭ | બપોરે ૧:૦૦ વાગે | જે.બી. ઓડીટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અટીરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત |
| ૨ | પ્રેફરેન્સ શેરધારકો | | બપોરે ૨:૦૦ વાગે | |
| ૩ | સુરક્ષિત લેણદારો | | બપોરે ૩:૦૦ વાગે | |
| ૪ | અસુરક્ષિત લેણદારો | | બપોરે ૪:૦૦ વાગે | |

યોજના, એક્સપ્લેનેટરી સ્ટેટમેન્ટ, જે કંપની ધારા ૨૦૧૩ની કલમ ૨૩૦(૩), ૨૩૨(૧) અને (૨) તથા ૧૦૨ જે કંપનીઝ (કોમ્પ્રોમાઈઝીસ, એરેન્જમેન્ટસ અને અમાલગમેશન્સ) નિયમો, ૨૦૧૬ ના નિયમ ૬ સાથે વાંચવામાં આવે છે, તથા પ્રોક્સી ફોર્મ ની નકલ વિનામૂલ્યે ૧ દિવસમાં (શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાય) શેરધારકો / લેણદારો અરજદાર કંપનીના ઉપર જણાવ્યા મુજબ ના રજીસ્ટર્ડ ઓફિસ એડ્રેસ અથવા તેના એડ્વોકેટ્સ મે. સિંઘી એન્ડ કું, સિંઘી હાઉસ, ૧, મેગ્નેટ કોર્પોરેટ પાર્ક, સોલા બ્રીજ નજીક, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯, ગુજરાત, ભારત ખાતે મેળવી શકાય છે.

મિટિંગ માં હાજરી આપવા તથા વોટ કરવા માટે હકદાર વ્યક્તિ, જાતે અથવા પ્રોક્સી દ્વારા વોટ આપી શકે છે, જો પ્રોક્સી ફોર્મ અરજદાર કંપની ની ઉપર જણાવ્યા મુજબની રજીસ્ટર્ડ ઓફીસમાં, મિટીંગ ના સુનિશ્ચિત સમયના ૪૮ કલાક પહેલા જમા કરવામાં આવશે તો. પ્રોક્સી ના ફોર્મ અરજદાર કંપનની રજીસ્ટર્ડ ઓફીસમાંથી મેળવી શકાય છે.

NCLT એ શ્રી દિવ્યેશ રાડીયા, અરજદાર કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર અને તેમની ગેરહાજરી માં ડૉ. ભાવના દોશી, અરજદાર કંપનીના સ્વતંત્ર ડિરેક્ટરને ઈક્વિટી શેરધારકો, પ્રેફરેન્સ શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોની મિટીંગ્ઝના અધ્યક્ષ/અધ્યક્ષા તરીકે નિમણુંક કરી છે.

યોજના, જો ઉપરોક્ત મિટીંગ્સમાં મંજૂર થશે, તો તે NCLT ની અનુગામી મંજૂરીને આધીન હશે.

કંપની દ્વારા ૨૦૧૩ની કલમ ૨૩૦(૪) અને ૨૩૨(૧) અને કંપનીઝ (કોમ્પ્રોમાઈઝીસ, એરેન્જમેન્ટસ અને અમાલગમેશન્સ) નિયમો, ૨૦૧૬ ના નિયમ ૫ અને ૬ અને NCLT ના અંતિમ આદેશ તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના અનુસાર અરજદાર કંપની એ વોટ કરવા માટે બેલટ અથવા પોલિંગ પેપરની સુવિધા મિટીંગના સ્થળ ઉપર રાખવામાં આવેલી છે.

શ્રી આશીશ દોશી, વ્યવસાયી કંપની સેક્રેટરી (FCS No. 3544 / CP No. 2356) ની મિટીંગના સ્થળ પરનું વોટિંગ, ન્યાયથી અને પારદર્શક રીતે થાય તે માટે નિમણુંક કરવામાં આવી છે.

મિટિંગના સ્થળ ઉપર મતદાન કરવા માટે પોલ પેપર દ્વારા મતદાન કરવા માટે ઈક્વિટી શેરધારકો તથા પ્રેફરેન્સ શેરધારકોની યોગ્યતા નક્કી કરવા માટે ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ની તારીખ નક્કી કરવામાં આવી છે, (કટ ઓફ તારીખ). જે વ્યક્તિનું નામ, કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ માં તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ હશે, તે મતદાન કરવા માટે હકદાર રહેશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭

દિવ્યેશ રાડીયા
મિટીંગ્સ માટે નિમણુંક કરેલ અધ્યક્ષ

Zydus
**ZYDUS HEALTHCARE LIMITED**
**Corporate Identity Number (CIN) - U51900GJ1989PLC079501**
**Registered office:** Zydus Tower, Satellite Cross Roads, Sarkhej-Gandhinagar Highway, Ahmedabad-380 015, Gujarat, India.
**Tel :** +91 79 2686 8100 **E-mail :** sanjayd.gupta@zyduscadila.com
**Website :** www.zyduscadila.com